પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૪૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૨-૨૦૨૪ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## મધ્યપ્રદેશના હરદામાં ફટાકડાની ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ, ૧૨ના મોત ૬૦થી વધુ ઘાયલ

ભોપાલ,

મધ્યપ્રદેશના હરદામાં મંગળવારે સવારે એક મોટો વિસ્ફોટ થયો હતો. અહીં એક ફટાકડાની ફેક્ટરીમાં અચાનક આગ ફાટી નીકળી અને વિસ્ફોટ થવા લાગ્યા. આ વિસ્ફોટોને કારણે ત્રણ કિલોમીટરના અંતર સુધી ધરતી ધ્રુજી હતી. માહિતી મળતાની સાથે જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. મળતી માહિતી મુજબ આગમાં ૧૨ લોકોના મોત થયા છે તેમજ ૬૦થી વધુ લોકો ઘાયલ છે. ૬૦ ઘરો બળીને ખાખ થઈ ગયા છે તેમજ ૧૦૦થી વધુ ઘરો ખાલી કરાવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ આગ ૩ કિલોમીટર સુધી ફેલાઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગને ઓલવવા માટે સતત પ્રયાસો કરી રહી છે, જો કે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો મધ્યપ્રદેશના હરદા જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયો છે. આ દુર્ઘટનામાં ૬ લોકોના મોત થયા હતા, જ્યારે ૫૯ લોકો દાઝી ગયા હતા. જેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને મુખ્યમંત્રીએ ઈમરજન્સી બેઠક બોલાવી હતી. તેમણે અધિકારીઓ પાસેથી



ઘટનાની સંપૂર્ણ માહિતી લીધી અને જરૂરી નિર્દેશો આપ્યા હતાં

અત્યાર સુધી રાહત દળોએ ૨૦થી વધુ લોકોને બચાવ્યા છે. આ તમામ લોકો ઘાયલ હાલતમાં છે. આથી તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. અત્યારે રાહત ટીમોનું લક્ષ્ય આગને કાબૂમાં લેવાનું અને નુકસાનને ઓછું કરવાનું છે. મળતી માહિતી મુજબ હરદા જિલ્લાના મગરધા રોડ પર આવેલી આ ફટાકડાની ફેક્ટરીમાં ખતરો ઉભો થયો છે.

આ પછી થોડીવારમાં જ આખી ફેક્ટરીમાં આગ લાગી હતી. ફેક્ટરીમાંથી આગની જ્વાળાઓ જોતા આસપાસના લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. આ પછી ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આસપાસના વિસ્તારને ખાલી કરાવીને આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. રાહતકર્મીઓના જણાવ્યા અનુસાર ફેક્ટરીની અંદર ઘણા લોકો ફસાયેલા છે. આમાંથી કેટલાક લોકોને બહાર પણ ફેંકી દેવામાં આવ્યા છે. બાકીના લોકોને પણ બહાર કાઢવા માટે શોધખોળ ચાલી રહી છે.

રાહતકર્મીઓના જણાવ્યા અનુસાર હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે દુર્ઘટના સમયે ફેક્ટરીની અંદર કેટલા લોકો હાજર હતા અને અત્યાર સુધીમાં કેટલા લોકો બહાર આવ્યા છે. વહીવટી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યારે પહેલું લક્ષ્ય શક્ય તેટલા લોકોના જીવ બચાવવાનું છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે દુર્ઘટના સમયે ફેક્ટરીની અંદર કેટલો ગનપાઉડર રાખવામાં આવ્યો હતો. આ સિવાય કુલ નુકસાન કેટલું થયું તે હજુ સ્પષ્ટ નથી.

## આગામી પાંચ વર્ષમાં ભારતમાં ઉર્જા ક્ષેત્રમાં ૬૭ અબજ ડોલરનું રોકાણ થશે : વડાપ્રધાન

પણજી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે આગામી પાંચથી છ વર્ષમાં ભારતમાં ઉર્જા ક્ષેત્રમાં લગભગ ૬૭ અબજ યુએસ ડોલરનું રોકાણ થશે. વડા પ્રધાને તેમના સંબોધનમાં વૈશ્વિક રોકાણકારોને ભારતની વિકાસગાથાનો ભાગ બનવાનું આમંત્રણ પણ આપ્યું હતું. પીએમ મોદીએ મંગળવારે ગોવામાં ઈન્ડિયા એનર્જી વીકની બીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યું. કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા ૭.૫ ટકાના દરે વિકાસ કરી રહી છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને તાજેતરમાં જૈંસ્હ્રએ આગાહી કરી છે કે આપણે એ જ ગતિએ વિકાસ કરીશું. દેશ ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. તેમણે વૈશ્વિક કંપનીઓને ભારતના ઉર્જા ક્ષેત્રના વિકાસમાં ભાગ લેવા આમંત્રણ આપતાં કહ્યું કે 'દેશને તેની રિફાઈનિંગ ક્ષમતા ૨૫૪ એમએમટીપીએ (વાર્ષિક મિલિયન મેટ્રિક ટન) થી વધારીને ૨૦૩૦ સુધીમાં ૪૫૦ એમએમટીપીએ



કરવાની આશા છે.'

વડાપ્રધાને કહ્યું કે 'ભારત ઊર્જા ક્ષેત્રમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહ્યું છે જે પહેલાં ક્યારેય થયું નથી. આગામી પાંચ-છ વર્ષમાં ભારતમાં ઉર્જા ક્ષેત્રમાં ઈ૬૭ બિલિયનનું રોકાણ થવાનું છે. વડા પ્રધાને કહ્યું, 'ઉર્જાની વધતી જતી જરૂરિયાતો વચ્ચે, ભારતમાં દરેકને સસ્તી ઊર્જા પૂરી પાડવામાં આવી રહી છે. ભારત એક એવો દેશ છે જ્યાં અનેક વૈશ્વિક ઘટનાઓ છતાં છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થયો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત ક્રૂડ ઓઈલ અને એલપીજીનો ત્રીજો સૌથી મોટો ગ્રાહક છે અને એલએનજીનો ચોથો સૌથી મોટો આયાતકાર છે. ભારત ૨૦૩૦ સુધીમાં તેના ઉર્જા મિશ્રણમાં ગેસનો હિસ્સો વધારીને ૧૫ ટકા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણ અંગે તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં તે ૧.૫ ટકાથી વધીને ૧૨ ટકા થઈ ગયું છે. ૨૦૨૫ સુધીમાં તે વધીને ૨૦ ટકા થશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે વૈશ્વિક ઉત્સર્જનમાં ભારતનો હિસ્સો માત્ર ચાર ટકા છે અને ૨૦૭૦ સુધીમાં 'નેટ ઝીરો' હાંસલ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. 'નેટ ઝીરો'નો અર્થ એ છે કે કોઈ દેશ વાતાવરણમાં કેટલા કાર્બન આધારિત ગ્રીનહાઉસ વાયુઓ ઉત્સર્જન કરી રહ્યો છે, તે તેમને સમાન રીતે શોષી રહ્યો છે અને દૂર કરી રહ્યો છે. નેટ ઝીરો એટલે કે ૨૦૭૦ સુધીમાં વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું ભારતનું યોગદાન નહિવત હોવું જોઈએ. વડા પ્રધાને જણાવ્યું હતું કે એક કરોડ ઘરો પર 'સોલર રૂફટોપ' સ્થાપિત કરવાની તાજેતરમાં જાહેર કરેલી યોજનામાંથી ઉત્પન્ન થતી વધારાની વીજળીને ગ્રીડ સાથે જોડવામાં આવશે.

## પહાડો પર વરસાદ-હિમવર્ષાનો કહેર, કેદારનાથ ધામમાં જામ્યા બરફનાં જાડા થર

શિમલા,

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદ ચાલુ છે, જેના કારણે સામાન્ય જીવનને અસર થઈ છે અને ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૬૪૫ માર્ગો પર વાહનોની અવરજવર સોમવારે બંધ કરવામાં આવી હતી. કેન્દ્રએ કહ્યું કે શિમલામાં ૨૪૨, લાહૌલ અને સ્પીતિમાં ૧૫૭, કુલ્લુમાં ૯૩, ચંબામાં ૬૧ અને મંડી જિલ્લામાં ૫૧ રસ્તાઓ બંધ છે. કેદારનાથ ધામમાં જામ્યા બરફનાં જાડા થર. કેદારનાથ ધામમાં સતત બરફવર્ષાથી સફેદ ચાદર પથરાઈ છે. કેદાર વેલી ૪ ફૂટથી વધુ બરફથી ઢંકાઈ ગઈ છે. ઉત્તરાખંડમાં મુન્શિયારી, ઉત્તરકાશીમાં બરફવર્ષા થઈ રહી છે. હિમાચલ પ્રદેશમાં શિમલા, મનાલીમાં ભારે બરફવર્ષા થઈ રહી છે. કુલ્લુનું બિજલી મહાદેવ ધામ બરફથી ઢંકાયું

હિમાચલના પહાડી વિસ્તાર લાહોલ સ્પિતિમાં હિમવર્ષા. લાહોલમાં ભારે બરફવર્ષાને કારણે રસ્તા થયા બંધ. જમ્મુ કાશ્મીરમાં પણ હિમવર્ષા યથાવત. શ્રીનગરના રસ્તાઓ પર જામ્યા છે બરફનાં થર. શ્રીનગરનું તાપમાન ઘટીને માઈનસ ૦.૪ ડિગ્રી થયું. ગુલમર્ગનું માઈનસ ૧૦ ડિગ્રી, પહલગામનું માઈનસ ૧૧.૯ ડિગ્રી. ભારે બરફવર્ષાને કારણે શ્રીનગર જતી ૬ ફ્લાઈટ્સ રદ કરાઈ છે.


હિમાચલ પ્રદેશમાં બરફવર્ષાને કારણે ૬૪૫ રસ્તા બ્લોક થયા છે. ૨૮૦ બસ રૂટ્સ પણ હિમાચલ પ્રદેશમાં પ્રભાવિત થયા છે. શિમલા, મનાલી, નારકંડામાં લઘુત્તમ તાપમાન માઈનસમાં. કાશ્મીરમાં ૫ ફેબ્રુઆરીએ હિમવર્ષા બંધ થઈ ગઈ અને થોડા સમય પછી ખીણ ફરીથી જમીન, રેલ અને હવાઈ માર્ગે દેશના બાકીના ભાગો સાથે જોડાઈ ગઈ. જ્યારે સવારની ફ્લાઈટ્સ થોડા વિલંબ સાથે શ્રીનગરમાં ઉતરી હતી, ત્યારે જમ્મુ-શ્રીનગર હાઈવેને માત્ર વન-વે ટ્રાફિક માટે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

ઉત્તરાખંડના મુનશિયારી વિસ્તારમાં રાત્રે ભારે હિમવર્ષા થઈ હતી. મુનસિયારીમાં અડધા ફૂટ સુધી બરફ પડ્યો હતો, જ્યારે કલામુનીમાં બે ફૂટ બરફના કારણે વાહનવ્યવહાર થંભી ગયો હતો. બીઆરઓએ રસ્તો ખોલવા માટે મશીનો લગાવ્યા છે. મુનશિયારીના મિલમની સાથે ધારચુલાની દારમા અને વ્યાસની ખીણો પણ બરફથી ઢંકાયેલી છે. તે જ સમયે, પિથોરાગઢના તેજમ તાલુકામાં સૌથી વધુ વરસાદ થયો છે. સોમવારે મુનસિયારીનું મહત્તમ તાપમાન એક ડિગ્રી અને લઘુત્તમ તાપમાન માઈનસ ૨ ડિગ્રી નોંધાયું હતું. અલ્મોડા જિલ્લાના પાંડવખોલીમાં પણ હિમવર્ષા થઈ છે. બીજી તરફ નૈનીતાલના બાગેશ્વર અને પંગોટ વિસ્તારમાં સવારે હિમવર્ષા થઈ હતી.

## મની લોન્ડરિંગ કેસમાં આપ નેતાઓ પર ઈડીના દરોડાથી આતિશી નારાજ

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મંત્રી આતિશી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સમન્સને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે અમને ચૂપ કરવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે. હજુ સુધી દરોડામાં એક રૂપિયો પણ મળ્યો નથી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મંત્રી આતિશીએ કહ્યું કે આપ નેતાઓ અને આપ સાથે જોડાયેલા લોકો પર ઈડીના દરોડા ચાલી રહ્યા છે.આપના ખજાનચી અને સાંસદ એનડી ગુપ્તા, અરવિંદ કેજરીવાલના પીએ અને અન્યના ઘરે દરોડા પાડવામાં આવી રહ્યા છે. ભાજપ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા અમારો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. આતિશીએ વધુમાં કહ્યું કે છેલ્લા બે વર્ષથી આમ આદમી પાર્ટીના નેતાઓને દારૂ કૌભાંડ કેસના નામે ધમકીઓ આપવામાં આવી રહી છે. કેટલાક લોકોના ઘરો પર દરોડા પાડે છે. કેટલાકને સમન્સ જારી કરવામાં આવી રહ્યા છે. કેટલાકની ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં હજારો દરોડા પાડવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી ઈડીની ટીમે એક રૂપિયો પણ વસૂલ કર્યો નથી. આગામી બે વર્ષમાં પણ ઈડીને કંઈ મળવાનું નથી. કોર્ટે ઈડીને પુરાવા રજૂ કરવા કહ્યું છે.

**મહિસાગર, ખેડા આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

**પંચમહાલ સમાચાર**

# સંતરાપુર સરમી ચોકડીથી ભાણાસીમલ સુધીના માર્ગ બિસ્માર વાહન ચાલકો પરેશાન



સંતરામપુર, સંતરામપુર તાલુકાના સરમી ચોકડી થી ભણાસીમલ સુધીનો રસ્તો બીસ્માર હાલતમાં વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા સંતરામપુર તાલુકાના સરમી થી ભાણા સિમલ સુધીનો રસ્તો બીસ્માર હાલતમાં જોવા મળી આવેલો છે. પાંચ કિલોમીટરની અંતર મોટા મોટા ખાડા પડેલા જોવા મળી આવેલા છે. એક એક મીટર અંતરમાં મોટા મોટા ખાડા પડી જવાના કારણે વાહન ચાલકો માટે જોખમી કારક બની રહ્યું છે. આવી મોંઘવારીમાં વાહન ચાલકોને દર બે-ત્રણ દિવસે વાહનોને નુકસાન પણ આવતું હોય છે. આ ગામની અંદર માધ્યમિક પ્રાઈમરી હાઈસ્કૂલ અને શાળાઓ આંગણવાડી જવા માટે માત્ર એક જ રસ્તો છે. સંખ્યાબંધ વાહન ચાલકો અહીંયા થી પસાર થતા હોય છે આ રીતે રસ્તો તૂટી જવાના કારણે દિન પ્રતિદિન પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે. નાના મોટા અકસ્માત થવાની પણ ભયભીતી સિવાય રહેલી છે. આવો જોખમી કારક રસ્તા ઉપર થી પસાર થતી વખતે વાહન ચાલકોને ભારે મુશ્કેલી વીંટવી પડતી હોય છે. ભાણા સીમલ ગામના લોકોએ આ રસ્તા માટે ઘણીવાર રજૂઆત કરી હતી, પરંતુ આ દિવસ સુધી આ રસ્તાની મરામત કરવામાં આવેલી જ નથી. સર્મીથી ભાણા સિમલનો ઢાળ ચડતી વખતે ખાડા પડી જવાના કારણે વાહન ચાલકો ગાડીમાં બેઠેલા મુસાફરોને પણ ઉતારી દેવામાં આવતા હોય છે ત્યાર પછી આ ગાડીનો ઢાળ ચડતો હોય છે. મોટા મોટા ખાડા પડી જવાના કારણે ગાડી ગમે ત્યારે પલટી મારી જાય અને દુર્ઘટના થાય તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી છે. ઘણા સમયથી આ ગામના વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહેલા છે અને ગામજનોનો અને વાહન ચાલકોની માંગણી છે કે વહેલી તકે આ રસ્તાની કામગીરી કરવામાં આવી અને મરામત કરવા માટેની માંગણી ઉભી થયેલી છે.

# જીલ્લામાં યોજાનાર આવાસોના ઈ-લોકાર્પણ કાર્યક્રમના આગોતરા આયોજન અંગે કલેકટર નેહા કુમારીના અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



મહીસાગર, રાજયસરકાર દ્વારા આવાસ લોકાર્પણ અને ખાતમૂહર્ત કાર્યક્રમ આગામી ૧૦ ફેબ્રુઆરીએ યોજવાનો છે. ત્યારે આ કાર્યક્રમ વિધાનસભા મુજબ યોજવાનો છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લામાં લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર તાલુકાઓમાં આ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા કલેકટર નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં જરૂરી માર્ગદર્શન અને સુચનો કરવામાં આવ્યા હતા તેમજ સુચારૂ આયોજન થકી કાર્યક્રમ યોજવા માટેના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી તા. ૧૦ મી ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા જીલ્લાના ડીસા ખાતે કેન્દ્ર તથા રાજય સરકારની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ- શહેરી, હળપતી આવાસ યોજના, ડો. આંબેડકર આવાસ યોજના, પંડીત દીનદયાળ ઉપાદયાય આવાસ યોજનાઓ અંતર્ગત સમગ્ર રાજયના ૩૩ જીલ્લાઓના આવાસોના ઈ- લોકાર્પણ તથા ખાતમુહૂર્ત થનાર છે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, અધિક નિવાસી કલેકટર, પ્રાયોજના વહીવટદાર, નિયામક જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા મામલતદાર દ્વારા અનાજ કરીયાણા હોલસેલ ટેકસના રિટેલ સાથે મીટીંગ યોજી ચોખા-ડાંગરનું ઓનલાઈન પોર્ટલ રજીસ્ટ્રેશન કરવા રજુઆત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

> અમુક અનાજ અને કરિયાણાના વેપારીઓ વધુ કમાણી કરવાની લાલચમાં બિલ અને બિલ્ટી વગર નો માલ મંગાવીને વેચતા હોવાની લોક ચર્ચા થઈ રહી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવવા સાથે દુકાનની અંદર રહેલા માલના સ્ટોકની પણ તપાસ કરે તો ઘણું બધું બહાર આવે શકે એવી શક્યતાઓ પણ રહેલી છે.

શહેરા, શહેરા મામલતદાર ધર્મેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અનાજ અને કરીયાણાના હોલસેલના વેપારીઓ તેમજ ટ્રેડસ, રિટેલર્સના સાથે એક મહત્વની મીટીંગ મળી હતી. મામલતદાર દ્વારા વેપારીઓને ચોખા તથા ડાંગર અંગેનું ઓનલાઈન પોર્ટલ ઉપર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવા અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

શહેરા તાલુકા સેવા સદન ખાતે આવેલ મામલતદાર કચેરીમાં મામલતદાર ધર્મેન્દ્ર પટેલના અદયક્ષ સ્થાને અનાજ અને કરીયાણાના હોલસેલના વેપારીઓ તેમજ ટ્રેડસ, રિટેલર્સના વેપારીઓએ સાથે એક મહત્વની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મળેલી મિટિંગમાં નગર અને તાલુકા માંથી આવેલા ૪૦ થી ૫૦ જેટલા વેપારીઓને ચોખા તથા ડાંગરનુ ઓનલાઈન પોર્ટલ ઉપર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવા અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. તેમજ દર શુક્રવારે ડાંગર અને ચોખાનો સ્ટોક પોર્ટલ ઉપર અપડેટ કરવા અંગેની પણ સૂચના આપવામાં આવી હતી. જ્યારે મામલતદાર દ્વારા વેપારીઓને પોર્ટલ અંગેની જરૂરી માહિતી આપવામાં આવવા સાથે નિયમોનું પાલન કરવા માટે જણાવવામાં આવ્યું હતું. આ ઉપરોક્ત બાબતે મામલતદાર ધર્મેન્દ્ર પટેલ ને પૂછતા મળેલી મિટિંગમાં ઉપસ્થિત વેપારીઓને પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન નહીં કરાવેલ હોય તથા પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન બાબતે જથ્થો અપડેટ કરવામાં નહિ આવે તો તેની અમે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને આપેલ સૂચનાઓનું વેપારીઓ પાલન નહીં કરે તો મારા માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવીને ઓચિંતી તપાસ આગામી દિવસોમાં દુકાનો ખાતે કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે અમુક અનાજ કરિયાણાના વેપારીઓ વધુ કમાણી કરવાની લાલચમાં બિલ અને બિલ્ટી વગર નો માલ મંગાવીને વેચતા હોવાની લોક ચર્ચા થઈ રહી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવવા સાથે દુકાનની અંદર રહેલા માલના સ્ટોકની પણ તપાસ કરે તો ઘણું બધું બહાર આવે શકે એવી શક્યતાઓ પણ રહેલી છે. જોકે મામલતદારના અદયક્ષ સ્થાને મળેલી બેઠકમાં હોલસેલના કરિયાણાના અને અનાજના વેપારીઓ પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવશે કે નહીં એ તો આવનારા દિવસોમાં ખબર પડી જશે તેમ છે.

# મહીસાગર જીલ્લા બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે મયંક જોષી ની નિમણુંક કરવામાં આવી



લુણાવાડા, મહીસાગર જીલ્લાના ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન તરીકે ગુજરાત સરકાર દ્વારા જાણીતા એડવોકેટ અને મહીસાગર જીલ્લા પત્રકાર એસોશિયેશના પ્રમુખ તેમજ મહીસાગર જીલ્લા યુવા મોરચાના પૂર્વ પ્રમુખ મયંક એચ જોષીની નિમણુંક થતા મહીસાગર જીલ્લામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. જેને લઈ આજરોજ બાળ સુરક્ષાની કચેરી ખાતે હાજર થઈ કામગીરી આરભ કરતા મહીસાગર જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, સાથે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, જીલ્લાના મહામંત્રીઓ રાવજીભાઈ પટેલ, પ્રદીપસિંહ રાઠોડ, જયેન્દ્રભાઈ બારોટ, પૂર્વ મહામંત્રી મુળજીભાઈ રાણા, લુણાવાડા નગર ભાજપ પ્રમુખ હિમાંશુ શાહ, વગેરે આગેવાનો ઉપસ્થિત રહી નવ નિયુકત ચેરમેન મયંક જોષીને શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી. અને સરકાર દ્વારા કરવામાં આવેલી નિમણુંક બદલ ચેરમેન મયંક જોષી એ સૌવનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સંતરામપુર સંત મસ્જીદમાં આવેલ દાન પેટી રોકડની ચોરી



સંતરામપુર, હવે ચોરો ધાર્મિક સ્થળોને ટાર્ગેટ બનાવે છે. દાનપેટીમાં તોડીને રોકડા રકમ લઈ ગયા સંતરામપુરની સંત મસ્જિદમાં આશરે દિવસ દરમિયાનમાં ચોરો મોકો દેખીને ધાર્મિક સ્થળ મસ્જિદમાં પ્રવેશ કરીને મસ્જિદની અંદર મૂકવામાં આવેલી દાન પેટી તોડી પાડેલી હતી અને અંદરથી રોકડા રકમ ચોરી ગયા હતા. જ્યારે મસ્જિદમાં ટ્રસ્ટી અને મૌલાના નમાજ પડાવા માટે પહોંચ્યા તો ખબર પડી તો મસ્જિદની અંદર દાન પેટી તૂટી ગયેલી જોવા મળી આવેલી હતી. એ આ દાન પેટીમાં આશરે ૩ થી ૪ મહિના સુધી ખોલવામાં આવેલી ન હતી મોટી રકમ હોવાનું અનુમાન જણાઈ રહ્યું છે. કેટલાક અસામાજીક તત્વો અને ચોરો બેફામ ધાર્મિક સ્થળોને પ્રવેશ કરીને ટાર્ગેટ બનાવી મૂકતા હોય છે અને મોકોનો લાભ લઈને ચોરી કરી જતા હોય છે. આ ઘટના સંતરામપુર નગરના ત્રણ મહિના પહેલા પણ અલગ અલગ ધાર્મિક સ્થળો પર દાન પેઢીના ચોરીના બનાવ બન્યા હતા. આ ચોરીની ઘટનાને લઈને સંત મસ્જિદના ટ્રસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ઘોઘંબાના કંકોડાકોઈ ગામે રસ્તા ઉપર CNG રીક્ષા પલ્ટી જતાં ૩૦ વર્ષીય મહિલાનું મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના કંકોડાકોઇ ગામે પાવાગઢ થી ઘોઘંબા હાઈવે રોડ સી.એન.જી.રીક્ષાના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી તેમજ રસ્તામાં ભુંડી આવી જતાં રીક્ષા પલ્ટી ખવડાવી દઈ અંદર બેઠેલ ૨૮ વર્ષીય મહિલાને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. જયારે અન્ય એકને ઈજાઓ પહોંચાડી રીક્ષા ચાલક વાહન સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના કંકોડાકોઇ ગામે પાવાગઢ થી ઘોઘંબા હાઈવે રોડ ઉપર સી.એન.જી. રીક્ષા નં.જીજે.૦૬.બીયુ.૫૯૬૪ન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રસ્તામાં ભુંડ આવી જતાં રીક્ષાના સ્ટીયરીંગ પરનો કાબુ ચાલકે ગુમાવી દેતાં રીક્ષા પલ્ટી જવા પામી હતી. જેને લઈ રીક્ષામાં બેઠેલ મનિષાબેન ફતેસિંહ પરમાર ઉ.વ.ને શરીરે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે અન્ય મુસાફર કાંતીભાઈ વસરામભાઈ પરમારને ઈજાઓ પહોંચાડી રીક્ષા ચાલક વાહન સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# દાહોદના પીપલોદ તેજસ વિદ્યાલય ખાતે વાર્ષિ ઉત્સવ યોજાયો



પીપલોદ, તારીખ ૫ ફેબ્રુઆરી સોમવારના રોજ તેજસ વિદ્યાલય પીપલોદમાં યોજાયો. વાર્ષિક ઉત્સાવ જેનામાં બાળકોએ પ્રાર્થના, સ્વાગત, રામાયણ, પંજાબી, સાઉથ ઈન્ડિયન, ગરીબ બાળકો, ગરબા, આદિવાસી, ઘુમર, કપલ, પિરામિડ જેવી પ્રસ્તુતિ પેસ કરી, આ બળકોને ડાન્સ ની તાલીમ દાહોદના યુ-મી હાઉસ ના ડાન્સ ટીચર ઉમેશ મહાવર અને રજત પાલ થી મળેલી હતી. વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવાર બદધાએ મળીને ઉત્સાવ ને સફળ બનાયો.

# દે.બારીઆના ચેનપુર ગામે ખેતરમાં દેખરેખ રાખતા વૃદ્ધ ઉપર દિપડાનો હુમલો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના ચેનપુર ગામે ખેતરની દેખરેખ રાખતા ૬૦ વર્ષના વૃદ્ધ ખેડુત ઉપર દિપડાએ હુમલો કરતા ખેડુતને ગંભીર ઈજાઓ થતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

ચેનપુર ગામના ધાટા ફળિયામાં રહેતા મોહનભાઈ સુકાભાઈ બારીયા (ઉ.વ.૬૦) ઘરથી થોડે દુર આવેલા ખેતરમાં મકાઈના પાકની ખેતી કરી હોય અને તે પાકનુ ભેલાણ ના થાય તે માટે ખેતરની દેખરેખ રાખી રહ્યા હતા. ત્યારે નજીકના જંગલ તરફથી એક દિપડો આવી ચડતા ખેડુત મોહનભાઈ ઉપર અચાનક હુમલો કર્યો હતો. મોહનભાઈને બચાવવા બુમાબુમ કરતા નજીકના ખેતરમાં કામ કરી રહેલા અન્ય ખેડુતો તેમજ ગ્રામજનો ત્યાં દોડી આવી જતાં દિપડો જંગલ તરફ નાસી ગયો હતો. જયારે દિપડાના હુમલામાં ઘાયલ મોહનભાઈ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યા હતા. જેથી તેમને તરત જ સારવાર અર્થે દે.બારીઆ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ બનાવની જાણ સ્થાનિક વનવિભાગને થતાં વનકર્મીઓ પણ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. ગામમાં વારંવાર શિકારની શોધમાં આવી ચઢતા દિપડાના હુમલાને લઈ ગ્રામજનોને ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ૮૦માં જન્મ દિવસે રકતદાન કેમ્પ યોજી ઉજવણી કરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, રકતદાન કેમ્પનું આયોજન કરી ૮૦માં જન્મદિવસની ઉજવણી કરતા ગોપાલભાઈ ધાનકા. અનેક સામાજીક, શૈક્ષણિક, સહકારી ક્ષેત્રના તથા સેવાભાવી સંસ્થાઓના આગેવાન, ગુર્જર ભારતી દાહોદના મેનેજિંગ ટ્રસ્ટી, અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ દાહોદના પ્રમુખ ગોપાલભાઈ ધાનકાની ૮૦ માં જન્મદિવસ નિમિત્તે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દાહોદ ખાતે રક્તદાન કેમ્પ આયોજન કરી પ્રેરણારૂપ સમાજસેવાનું સેવાભાવી કાર્ય કરેલ છે. સંસ્થાના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રકતદાન કરી માનવસેવાના કાર્યમાં સહભાગી થયા હતા.

# અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું ૧૨ હજાર ૨૬૨.૮૩ કરોડનું બજેટ રજૂ

અમદાવાદ, અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરાયું છે. ૧૨ હજાર ૨૬૨.૮૩ કરોડનું બજેટ રજૂ કરાયું છે. અમદાવાદના બજેટમાં ૧૪૬૧ કરોડનો વધારો થયો છે. બજેટમાં ખાસ કોઈ વધારો કે જોગવાઈ મૂકવામાં આવી નથી. એકદમ સરળ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. રજૂ થયેલા બજેટ મુજબ એસજી હાઈવે ઉપર ખૂબ જ મોટું લોટસ ગાર્ડન બનાવવામાં આવશે. કમળની થીમ પર આધારિત આ વિવિધ રાજ્યોના ફૂલોની પ્રતિકૃતિ વાળું ગાર્ડન બનશે. ગાર્લેન્ડ ઓફ ઈન્ડિયા નામ આપવામાં આવ્યું છે. ફ્લાવર શોને જે રીતે પ્રતિસાદ મળ્યો છે તેને લઈને હવે શહેરીજનોને આ અદ્યતન ગાર્ડન મળશે. ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટની પ્રાથમિક સુવિધાઓ માટે ૨૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

શહેરમાં ફૂડની એક અદ્યતન લેબોરેટરી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચીજવસ્તુઓ ઉપરાંત હવે ફળ અને શાકભાજીઓનું પણ ટેસ્ટિંગ કરવામાં આવશે. જો કેમિકલયુક્ત કોઈ પણ હશે તો તેની તરત માહિતી મળી રહેશે. મીઠાખળી ખાતે બે ટાવરના એક અર્બન હાઉસ આમાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને નાગરિકો દ્વારા ચૂકવવામાં આવતા પ્રોપર્ટી ટેક્સમાં અગાઉ ૧૦ ટકા રિબેટ આપવામાં આવતું હતું. જેમાં ૧૨ ટકા રિબેટ આપવામાં આવશે. જે નાગરિકો એડવાન્સ ઓનલાઈન ટેક્સ ચૂકવશે તેમાં એક ટકા ઓનલાઈન એમ ૧૩ ટકા રીબેટ આપવામાં આવશે. જે ટેક્સ ધારકે સળંગ ત્રણ વર્ષ એડવાન્સ ટેક્સ ચૂકવે તેને વધુ બે ટકા અને ઓનલાઈન ૧ ટકા આમ કુલ ૧૫ ટકા રીબેટ આપવામાં આવશે. એપ્રિલ મહિનાથી વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે એડવાન્સ ટેક્સની સ્કીમ મૂકવામાં આવશે.

જો કે વિપક્ષે બજેટને વિપક્ષે ૧૦માંથી ૧ માર્ક જ આપ્યો છે. વિપક્ષનું કહેવું છે કે, ભાજપના રાજમાં શહેર સ્વચ્છતાના ક્રમમાં નીચે ઉતરી રહ્યું છે. સ્વાસ્થ્યની બાબતમાં પણ શાસકો નિષ્ફળ ગયાનો આરોપ લગાવ્યો છે.

# આપની આજ.......

મેષ : આજે આવકના નવા સ્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો.

વૃષભ : આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

મિથુન : આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ક્ષેત્રે કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહયોગ પણ મળશે.

કર્ક : આ રાશિના લોકો માટે સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે. આજે કોઈની સાથે વિવાદ થઈ શકે છે, સંયમથી કામ કરો.

કન્યા : આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઈચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલા : આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક : લોકોની આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

ધન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

મકર : આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો. તમારા માતા-પિતા સાથે તમારો સમય સારો રહેશે.

કુંભ : આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

મીન : આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે. બપોરે કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે. શુભ ખર્ચ અને ખ્યાતિ વધશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## આવું ના કરો.. અનઅધિકૃતરીતે પાટા ઓળગવું મોત નોતરી શકે છે !

# દાહોદમાં બાળકો તેમજ મુસાફરો શોર્ટકટ અપનાવી ગેકાયદેસર રીતે રેલવે ટ્રેક ક્રોસ કરતા અકસ્માત થવાની આશંકા

- બી કેબીન નજીક માનવ વસાહત પાસેથી પસાર થતા રેલવે ટ્રેકની બન્ને બાજુ બાઉન્ડ્રી વોલનો અભાવ.
- મૂંગા પશુઓ પણ રેલવે ટ્રેક પર આવતા ટ્રેનોને ડિટેન્ક્સનનો સામનો કરવાનો વારો.
- RPF દ્વારા જન જાગૃતિ અભિયાન તેમજ દંડાત્મક કાર્યવાહી બાદ પણ લોકો સુધરવાનું નામ નથી લેતા.

દાહોદ,

ગતિની મજા મોતની સજા સૂત્રને આપણે સામાન્ય રીતે દીવાલોમાં અથવા કોઈ જાહેરાતોમાં જ વાંચતા હોઈએ છીએ પરંતુ સાચા અર્થમાં જોખમી રીતે બાળકો અને મુસાફરો મોત નોતરી શકે છે. તે ઉપરોક્ત ફોટોગ્રાફમાં જણાઈ રહ્યું છે. ભારતીય રેલવે એક તરફ પોતાની ગતિ વધારી ૧૬૦ કિલોમીટર કરતાં પણ વધુ ગતિથી ટ્રેનો દોડાવવાની તૈયારીમાં જોતરાયું છે. ત્યારે બીજી તરફ અને ખાસ કરીને દાહોદ વિસ્તારમાં જે રીતે પાટા ઓળંગી રહ્યા છે, તે આવનારા દિવસોમાં મોટા અકસ્માત નોકરી શકે છે. રેલ્વે ટ્રેકની બંને તરફ જો પ્રોટેકશન વોલ બનાવવામાં આવે તો આ અકસ્માતો રોકાઈ શકે તેવું લાગી રહ્યું છે. દાહોદ વિસ્તારમાં આરપીએફ અને રેલવે તંત્રના સંબંધિતો દ્વારા વારંવાર ડ્રાઈવ યોજી અનઅધિકૃત રીતે પાટા ન ઓળંગવા વખતે અવેરનેસ પ્રોગ્રામ પણ કરવામાં આવે છે અને આવા કેટલાક લોકો સામે કાયદેસર કેસ પણ કરવામાં આવે છે, પરંતુ કોણ જાણે કેમ લોકો શોર્ટકટ અપનાવા જોખમ લેવાનું વધુ પસંદ કરતા હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ ટ્રેક ઉપર અનેક વાર મૂંગા પશુઓ પણ તમામ પ્રકારની ટ્રેનની અડફેટે આવેલા ના બનાવો પણ નોંધાવા પામ્યા હતા અને રેલવે તંત્ર એ અંગે ડિટેન્શનનો સામનો પણ કરવો પડે છે ત્યારે એક તરફ રેલ્વે તંત્ર ટ્રેનોની ગતિ વધારી પોતાના ગતવ્ય સ્થાને રહેલી અથવા સમયસર પહોંચે તે માટે કટિબંધ બની છે, તો બીજી તરફ આવા અનઅધિકૃત રીતે લોકો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વાતાવરણની અથવા તો મૂંગા પશુઓ પસાર થતાં રેલવે તંત્રના મનસુબા ઉપર પાણી ફેરવી રહ્યા છે. ત્યારે સંબંધિતો દ્વારા આ ટ્રેક ઉપર કોઈ પગલાં લેવાશે ખરા અથવા તો આરપીએફ પોતાના એવેરનેસ પ્રોગ્રામમાં વધારો કરી શાળા કોલેજોમાં ચેતના જગાવે તે વધુ ઈચ્છનીય છે.

પશ્ચિમ રેલવે ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેન સંચાલન કરવાની યોજના પર કામ કરી રહ્યું છે. જેનો હેતુ એટલો છે કે ઓછા સમયમાં મુસાફરો સમયસર પોતાના ગતવ્ય સ્થાન સુધી પહોંચી શકે. સાથે સાથે દિલ્હી મુંબઈ વચ્ચેનો સમય અંતર પણ ઘટે જેથી કરીને દેશની બંને રાજધાની વચ્ચે વ્યાપાર અને વાણિજ્ય ક્ષેત્રે ક્રાંતિ આવી શકે માટે પશ્ચિમ રેલવે દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર અવરોધ રૂપ રેલવે ટ્રેક તેમજ કર્વને સીધા કરી રહી છે. પરંતુ આ યોજના પર કામ કરી રહેલા રેલવેના ઉચ્ચ અધિકારીઓએ કદાચ આ દ્રશ્યો જોયા નહીં હોય અથવા એના દયાને નહીં હોય એટલા માટે દાહોદમાં સ્કૂલે જતા વિદ્યાર્થીઓ તેમજ ટ્રેન પકડવાની લ્હાયમાં ઉતાવળ કરતા આવા તત્વો જાણે અજાણ્યા પોતાનું જીવ જોખમમાં મૂકી રહ્યા છે આ ખોટું છે. મુસાફરો ટ્રેનમાં જગ્યા મળે તે માટે આવી રીતે જીવના જોખમે શોર્ટકર્ટ અપનાવી ગેરકાયદેસર રીતે પાટા ઓળંગી રહ્યા છે.એ ક્યાંક ને ક્યાંક પોતાનું મોત નોતરી રહ્યા છે. બીજી તરફ આ સ્કૂલના બાળકો રેલવે ટ્રેક પર લટાર મારી રહ્યા છે અથવા તો સાયકલ સાથે ગેરકાયદેસર રીતે પાટા ઓલગી રહ્યા છે.જેના પગલે એક નાનકડી ભૂલ મોત નોતરી શકે છે. માટે આવી રીતે શોર્ટકટ અપનાવવાની જગ્યાએ રેલવે પાટા ગેરકાયદેસર રીતે ઓળંગવાની જગ્યાએ ફૂટપાથ અથવા અવરજવર કરવા બ્રિજનો ઉપયોગ કરો જે સલામતી ભર્યો છે. ત્યારે રેલવે તંત્ર દ્વારા માનવ વસાહતના બંને તરફ બેરિકેડીગ અથવા બંને તરફ દીવાલો ઊભી કરી અનઅધિકૃત રીતે પ્રવેશ અટકાવવો જોઈએ.જેથી કરીને લોકોની સુરક્ષા અને સલામતી યથાવત રહે સાથે સાથે રેલવેના સંચાલનમાં પણ કોઈપણ પ્રકારનું વિઘ્ન ન આવે તેમાં કોઈ બેમત નથી.

### બાઉન્ડ્રી વોલના અભાવે મૂંગા પશુંઓ અને માનવજાત ટ્રેનની અડફેટે આવતા રેલવેને મોટું નુકસાન

અનાસ ચંચેલાવ સેક્શનની વચ્ચે કેટલીક જગ્યાએ માનવ વસાહત નજીકથી પસાર થતાં રેલમાર્ગ પર બાઉન્ડ્રી વોલના અભાવે અવારનવાર મૂંગા પશુઓ રેલવે ટ્રેક પર આવતા પસાર થતી ટ્રેનોની નીચે આવી મોતને ભેટે છે. તેવી જ રીતે કેટલાક બનાવોમાં માનવ જાત પણ ટ્રેનની ઝડપે આવતા મોતને ભેટે છે. જેના પગલે એક તરફ રેલવેને અનાવયશક ડિટેક્શનનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ જે વ્યક્તિના મૂંગા પશુ અથવા માનવજાત રેલવે દ્વારા મોતને બેટે છે તેમના ક્લેમ અને વીમાની રકમની ચુકવણીના ભોગે રેલવે તંત્રને આર્થિક રીતે નુકસાન પણ પહોંચે છે.

### રેલવે ટ્રેક પર અન અધિકૃત પ્રવેશ અટકાવવા અવરનેશ પ્રોગ્રામની સાથે દંડાત્મક કાર્યવાહી પણ થઈ રહી છે

અમારી ટેરેટરી એટલે કે અનાસથી ગોધરા સેક્શનની વચ્ચે જે ગામો અથવા માનવ વસાહત ધરાવતા વિસ્તાર માંથી રેલવે ટ્રેક પસાર થઈ રહ્યો છે, તે તમામ ગામો અને માનવ વસાહતોમાં આરપીએફની ટીમ દ્વારા જનજાગૃતિ અંતર્ગત ડ્રાઈવ પણ યોજી રહ્યા છે. સાથે સાથે દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨ માં લાઈન ક્રોસના ૧૪૭ કેસો, તેમજ ૨૦૨૩ માં ૪૫૧ જેટલાં કેસો નોંધવામાં આવ્યા છે. તેમજ શાળાઓમાં પણ જઈને અવરનેશ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ બાઉન્ડ્રી વોલ ન હોવાથી માનવ જાત અને મૂંગા પશુઓ રેલવે ટ્રેક પર આવી જતા કેટલીક જગ્યાએ અકસ્માત સર્જાય છે. જેના પગલે રેલવેને અનાવયશ્ક ડિટેનકશનનો સામનો કરવો પડે છે.

લીનીશા બેરાગી : શાર દાહોદ RPF

## ફતેપુરાના ભાટ મુવાડીના વૃધ્ધા પાસેથી બે ભેજાબાજ ઠગોએ ધીરાણના કાગળો પર સહી કરાવછી લોન ખાતામાં જમા થયેલ ૨.૯૦ લાખ ઉપાડી લઈ ઠગાઈ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના જુદા જુદા ગામના બે ભેજાબાજ ઠગોએ ફતેપુરા તાલુકાના ભાટ મુવાડી ગામના ૬૫ વર્ષીય વૃધ્ધાના ઘરે જઈ ખેતી વિષયક ધિરાણ તથા ઘર બનાવી આપવાના બહાને તે વૃધ્ધની જમીનમાં પુરાવાઓ તેમજ અન્ય ડોક્યુમેન્ટ તથા પાસપાર્ટ સાઈઝના ફોટા લઈ ધીરાણના કારણો પર સહી કરાવી તે વૃધ્ધના લોન ખાતામાં જમા થયેલા રૂા. ૨.૯૦ લાખ ઉપરોક્ત બંને ઠગો ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાંખી તે વૃધ્ધના માથે મુદ્દલ રકમ તથા વ્યાજ સહીત રૂા. ૪,૪૫,૫૨૧નો બોજો કરાવી ઠગાઈ છેતરપીંડી આચર્યાનું બહાર આવતા આ મામલે બંને ઠગો સાથે પોલીસમાં ફરિયાદ થયાનું જાણવા મળ્યું છે.

ફતેપુરા તાલુકાના ભારમુવાડી ગામના શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોર તથા ફતેપુરા તાલુકાના બલૈયા ગામના કાળુભાઈ લેબાઈ લબાના એમ બંને ભેજાબાજ ઠગો ગત તા.૧-૭-૨૦૧૬ના રોજ ભાટમુવાડી ગામના ૬૫ વર્ષીય લક્ષ્મણભાઈ નાગજીભાઈ ડીંડોરના ઘરે ગયા હતા અને ખેતી િ,યક ધિરાણ તથા ઘર બનાવી આપવાની લાલચ આપી લક્ષ્મણભાઈ ડીંડોર પાસેથી તેમની જમીનની ૭/૧૨, આધાર કાર્ડ, રાશન પરમીટની નકલ જેવા આધાર પુરાવા તેમજ લક્ષ્મણભાઈ ડીંડોરના પાસપોર્ટ સાઈઝના ફોટા લઈ ધિરાણના કાગળો ઉપર લક્ષ્મણભાઈ ડીંડોરની સહી કરાવી લઈ તમામ આધાર પુરાવા સાથેના કાગળો બેન્કમાં સબમીટ કરાવતા લક્ષ્મમભાઈ ડીંડોરની લોન પાસ થતાં તે લોનના રૂપિયા ૨,૯૦,૦૦૦ બરોડા ગુજરાત ગ્રામણી બેન્ક બલૈયાના તેમના લોન ખાતા નંબર ૨૦૫/૧૫૮૨માં તા. ૧૧-૭- ૨૦૧૬ના રોજ જમા થઈ ગયા હતા. જે નાણા ભાટના મુવાડી ગામના શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોરે તારીખ તા. ૪-૧૨-૨૦૨૦ના રોજ ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાંખ્યા હતા. જે બાબતમી લક્ષ્મણભાઈ ડીંડોરને જાણ થતાં જ ન હતી પરતં જટારે બેન્ક તરફથી ધિરાણના રૂપિયાના મુદ્દલ તથા વ્યાજ સહીત ૪,૪૫,૨૧નો બોજો હોવાની જાણ કરવામાં આવતા લક્ષ્મણભાઈ ડીંડોરને પોતાની સાથે પોતાના જ પરિવારના અને પોતાના જ ગામના શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોરે બલૈયા ગામના કાળુભાઈ લેબાભાઈ લબાના સાથે મળી ઠગાઈ અને છેતરપીંડી આચર્યાનું જણાઈ આવતાં આ સંબંધે ભાટ મુવાડી ગામના ઠગાઈ અને છેતરપીંડીનો ભોગ બનેલા ૬૫ વર્ષીય લક્ષ્મણભાઈ નાગજીભાઈ ડીંડોરે સુખસર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા સુખસર પોલીસે આ સંદર્ભે ભાટમુવાડી ગામના શૈલેષભાઈ વીરસીંગભાઈ ડીંડોર તથા બલૈયા ગામના કાળુભાઈ લેબાભાઈ લબાના વિરૂધ્ધ ઈપિકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## આંગણવાડી બહેનોનું વિરોધ પ્રદર્શન પગાર વધારા સહિતની માંગણીઓનો બજેટમાં સમાવેશ નહીં કરાતા રોષ, ઝાલોદ તાલુકાની બહેનોએ બજેટની કોપી સળગાવી

ઝાલોદ,

ઝાલોદ તાલુકાની આંગણવાડી બહેનોની પડતર માંગણીઓનો રજુ કરેલ બજેટમા કોઈ જાહેરાત કે સ્વિકાર નહિ કરાતા આંગણવાડીની બહેનોમાં બજેટને લઈને ભારે રોષ ફેલાયો હતો. આંગણવાડી બહેનોએ ઝાલોદ ખાતે ભેગા થઈ બજેટની નકલને સળગાવી વિરોધ વ્યક્ત કર્યો હતો.




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

આંગણવાડી બહેનોનું વિરોધ પ્રદર્શન પગાર વધારા સહિતની માંગણીઓનો બજેટમાં સમાવેશ નહીં કરાતા રોષ, ઝાલોદ તાલુકાની બહેનોએ બજેટની કોપી સળગાવી.

દાહોદ જીલ્લાની ઝાલોદ તાલુકાની આંગણવાડી બહેનોની પડતર માંગણીઓનો રજુ કરેલ બજેટમાં કોઈ જાહેરાત કે, સ્વિકાર નહિ કરાતા આંગણવાડીની બહેનોમાં બજેટને લઈને ભારે રોષ ફેલાયો હતો, આંગણવાડી બહેનોએ ઝાલોદ ખાતે ભેગા થઈ બજેટની નકલને સળગાવી વિરોધ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા રજુ કરવામાં આવેલ બજેટમાં વિકાસને લઈને અનેક યોજનાઓની જાહેરાત તેમજ જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે ગ્રામ્ય કક્ષાએ બાળકોના વિકાસ ને લઈને કામગીરી કરતી આંગણવાડી બહેનોને પડતર માંગણીઓને લઈને રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં જોગવાઈ કે સ્વીકાર કરવામાં નહીં આવતા આંગણવાડી કાર્યકર બહેનોમાં સરકારની નીતિઓને લઈને ભારે રોજ ફેલાયેલો જોવા મળ્યો હતો. ત્યારે ઝાલોદના જુલાઈમાતા મંદિર ખાતે આંગણવાડી કાર્યકર બહેનોએ ભેગી થઈને રાજ્ય સરકાર દ્વારા રજુ કરવામાં આવેલ બજેટની નકલની હોળી કરી રાજ્ય સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. સરકાર દ્વારા રજૂ કરાયેલ બજેટમાં આંગણવાડી બહેનોના પગાર વધારા કે અન્ય કોઈ પણ માંગણીઓ પ્રત્યે ઉલ્લેખ ન થયો હોઈ સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી, તેમજ આગામી સમયમાં આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા આંગણવાડીને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આંગણવાડી બહેનો પોતાના હક લેવા તેમજ માંગણી પુરી કરવા એકજૂટ થઈ આગામી સમયમા વિવિધ કાર્યક્રમો કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## પીપલોદ ગામે સરકારી જમીનમાંથી દબાણો હટાવવા તંત્રની ઉદાસીન નિતી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામે સરકારી જમીનમાં દબાણ હટાવી લેતા ગ્રામ પંચાયતની નોટિસના ૫ મહિના પછી પણ પરિણામ શુન્ય આવ્યુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામ ખાતે ભુત ફળિયામાં રહેતી લલિતા કનુ બારીયાએ પીપલોદ ગામના રોડ પર આવેલા ખાતા નં.૮૪૧ના રેવન્યુ સર્વે નં.૭૪/૧વાળી જમીન પીપલોદ ગ્રામ પંચાયતમાં સરકારી પડતર જમીન હોય આ જમીનમાં પીપલોદ ગામના દાહોદ રોડ ઉપર રહેતા જમીન વિહોણા માણસોને આશરે ૨૦ વર્ષ અગાઉ રહેણાંક ઘર માટે ૧૦૦ ચો.મી.જમીન સરકાર તરફથી ફાળવવામાં આવી હતી. પરંતુ સરકારે ફાળવેલ જમીન ઉપરાંત વધારે જમીનમાં આશરે ૪૦૦ થી ૫૦૦ ચો.મી.જમીનનુ વધારે દબાણ કરી પાકું બાંધકામ કરી દેતા પીપલોદ ભુત ફળિયાના માણસોને અવર જવર કરવા માટે રસ્તો નહિ રહેતા કોઈ માણસ બિમાર પડે અથવા કોઈ સગર્ભા મહિલાને પ્રસૃતિ માટે લઈ જવી હોય ત્યારે ખાટલામાં અથવા ઝોળી કરીને રોડ સુધી લાવવુ પડતુ હોય છે. જયારે કોઈનુ મરણ થાય તેવા સંજોગોમાં સ્મશાનવિધિ માટે જતા ડાઘુઓને પણ ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. ગેરકાયદેસર રીતે વધારે દબાણ કરી જમીન ઉપર પોતાનો કબ્જો જમાવી દેતા ભુત ફળિયાના ૬૦ જેટલા ઘરના લોકોને અવર જવર કરવા માટે પડતી તકલીફ માટે પીપલોદ ભુત ફળિયા ખાતે રહેતી વિધવા મહિલા લલિતા કનુ બારીયાએ સરકારી જમીનમાં ગેરકાયદેસર થયેલા દબાણ દુર કરવા માટે અગાઉ આપેલી અરજીઓનો હજુ સુધી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. મળતી માહિતી મુજબ પીપલોદ ગ્રામ પંચાયત દ્વારા દબાણકર્તાને તા.૨૧/૦૭/૨૦૨૩ના રોજ દિન-૫માં દબાણ હટાવી લેવા જણાવાયુ છે.જે વાતને પાંચ મહિના વિતી ગયા છતાં હજુ કોઈ દબાણ તંત્ર દ્વારા ખુલ્લુ કરવામાં આવ્યુ નથી. સરકારી તંત્ર દ્વારા લેન્ડગ્રેબિંગના નવા કાયદા મુજબ સરકારી દબાણ ખુલ્લુ કરી તે જગ્યાએ રસ્તો બનાવવામાં આવે તેવા પ્રયાસો જવાબદાર તંત્ર કરે તે જરૂરી બન્યુ છે.

## ફતેપુરાના કાળીયા વલુંડા ગામેથી જાગૃતિ કન્યા વિદ્યાલય સુધી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તો બનાવવાની માંગ કરાઈ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા નગરને અડીને આવેલા કાળીયા વલુંડા ગામમાંથી પસાર થતો રસ્તો જે હનુમાન ટેકરી થઈને જાગૃતિ કન્યા વિદ્યાલય થઈને નવીન બસ સ્ટેશન સુધી જઈ રહ્યો છે. આજુબાજુના જમીનદારોએ રસ્તો બનાવવા માટે જમીન તો આપી દીધી છે. વાહનોની અવર-જવર પણ થઈ રહી છે. પરંતુ આ રસ્તા ઉપર કામ ચલાઉ રસ્તો બનાવવાના કારણે ખાડા ટેકરા તેમજ ધુળની ડમરીઓ ઉડી રહી છે. જેના કારણે બાયપાસ જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે તથા આ રસ્તા ઉપર બાલવાડી થી ૧૨ ધોરણ સુધીની શાળાઓ પણ આવેલી છે.શાળાઓએ જતાં વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સલરા જીલ્લા પંચાયતના સભ્ય, તાલુકા સભ્ય તેમજ ગ્રામજનો દ્વારા ૧૨૯ વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ ભુરાભાઈ કટારાને નવીન રસ્તો બનાવવા માટે રજૂઆત કરવામાં આવી છે.જો આ રસ્તો ઝડપથી બનાવવામાં આવે તો ભારે તેમજ હલકા વાહનોને કારણે ફતેપુરા નગરમાં થતી ટ્રાફિકની સમસ્યાનો પણ ઉકેલ આવશે. તેમજ નવીન બસસ્ટેશન તેમજ રાજસ્થાન તરફ જતાં વાહનો તેમજ રાહદારીઓને નગરમાં પસાર થયા વગર સીધા ઝાલોદ બાયપાસ રસ્તે પહોંચી જવાશે.ત્યારે સત્વરે આ રસ્તો મંજૂર કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

## ધાનપુરના નળુ ગામે ચાલકે અચાનક બ્રેક મારતાં બાઈક ચાલક પાછળ ધડાકાભેર અથડાઈ જતાં ઘટના સ્થળે મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના નળુ ગામે બસ સ્ટેશન રોડ પર લીમખેડા-ધાનપુર મેઈન રોડ ઉપર રાતે પુરપાટ દોડી આવતા લાકડા ભરેલ ટ્રોલી સાથેના ટ્રેક્ટરના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવી રહેલા મોટર સાયકલ ટ્રેક્ટરના પાછળના ભાગે અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૨૨ વર્ષીય મોટર સાયકલ ચાલકનું સ્થળ પર જ મોત નિપજ્યાનું તથા ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર લઈ ભાગવાની કશીશ કરતા તે ટ્રેક્ટર મૂકી નાસી ગયાનું જાણવા મળ્યું છે.

એક ટ્રેક્ટર ચાલક ગતરોજ રાતે સાડા સાત વાગ્યાના સુમારે તેના કબજાનું ટ્રોલીમાં લાકડા ભરેલ સ્વરાજ કંપનીનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ રહ્યો હતો. તે દરમ્યાન નળુ ગામે બસ સ્ટેશન રોડ પર લીમખેડા-ધાનપુર મેઈન રોડ ઉપર કોઈ કારણસર ટ્રેક્ટરના ચાલકે એકદમ બ્રેક મારી દેતાં લાકડા ભરેલ ટ્રોલીની પાછળ કોઈ રેડીયમ કે લાલ કલરનું કપડુ નહી મારેલ હોવાથી તેમજ ટ્રેક્ટરની ટ્રોલીની પાછળની લાઈટ પણ નહીં હોવાથી પાછળ આવી રહેલ નળુ ગામના ૨૨વર્ષીય કિશનભાઈ મોહનભાઈ બારીયાની જીજે-૨૦ એ.કે ૯૮૦૯ નંબરની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ ટ્રેક્ટરના પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં મોટર સાયકલ ચાલક ૨૨ વર્ષીય કિશનભાઈ બારીયાને છાતીમાં તેમજ મોઢાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ તથાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રેક્ટરનો ચાલક પોતાનું ટ્રેક્ટર લઈ ભાગવાનો પ્રયાસ કરતાં લોકોએ તેનો પીછો કરતાં ટ્રેક્ટર ચાલક તેનું ટ્રેક્ટર સ્થળ પર મૂકી નાસી ગયો હતો.

આ સંબંધે નળુ ગામના મરણ જનાર કિશનભાઈ મોહનભાઈ બારીયાના બનેવી ધાનપુર ચારી ગામના મહેન્દ્રભાઈ જસવંતભાઈ પરમારે ધાનપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે સ્વરાજ ટ્રેક્ટરના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી ટ્રેક્ટરનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયાના મોટી ખજુરી ગામે ફુઝર ગાડી માંથી ૮૯ હજારના વિદેશી દારૂ ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાની દેવગઢ બારીઆ પોલીસે મોટી ખજુરી ગામે વોચ દરમ્યાન રૂા. ૮૯ હજાર ઉપરાંતની કિંમતના વિદેશી દારૂ સાથે ક્રુઝર ગાડી પકડી પાડી રૂપિયા અઢી લાખની કિંમતની ક્રુઝર ગાડી તથા મોબાઈલ ફોન મળી રૂા.૩,૪૪,૨૮૦ના મુદ્દામાલ સાથે ક્રુઝર ગાડીના ચાલકની અટકાયત કર્યાનું જાણવા મળ્યું છે.


ધાનપુર તાલુકાના પીપરગોટા ગામના નરેશભાઈ કોદરભાઈ વાખળા તેની પોતાની જીજે-૦૭ બી.એન૫૯૭૯ નંબરની સિલ્વર કલરની તુફાન(ક્રુઝર) ગાડીમાં વચ્ચેની સીટના ભાગે તથા પાછળની સીટના ભાગે વિદેશી દારૂનો જથ્થો ભરી લાવતો હોવાની બાતમી દેવગઢ બારીઆ પોલીસને મળી હતી. જે બાતમીના આધારે દેવગઢ બારીઆ પોલીસે મોટી ખજુરી ગામે મોડી સાંજના પણા સાત વાગ્યાના સુમારે જરૂરી વોચ ગોઠવી હતી. તે દરમ્યાન રાતના પોણા આઠ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ નંબરવાળી તુફાન(ક્રુઝર) ગાડી દુરથી આવતી નજરે પડતાં વોચમાં ઉભેલ બારીયા પોલીસ સાબદી બની હતી અને તે ક્રુઝર ગાડી નજીક આવતાં જ પોલીસે તે ગાડી રોકી ચારે બાજુથી ઘેરી લઈ ગાડીની તલાસી લઈ ક્રુઝર ગાડીમાંથી વચ્ચેની સીટના ભાગેથી તેમજ પાછળની સીટના ભાગેથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની રૂા. ૮૯,૨૮૦ની કુલ કિંમતની પેટીઓ નંગ-૧૭ પકડી પાડી ગાડીમાંથી રૂપિયા ૫૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન, ડ્રાઈવીંગ લાયસન્સ પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂા.૨,૫૦,૦૦૦ની સિલ્વર કલરની તુફાર(ક્રુઝર) ગાડી મળી રૂા.૩,૪૪,૨૮૦ના મુદ્દામાલ સાથે ક્રુઝર ગાડીના ચાલક પીપર ગોટા ગામના નરેશભાઈ કોદરભાઈ વાખળાની અટકાયત કરી તેની વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી જેલના સળીયા પાછળ મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.140

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા નગરપાલિકા દ્વારા ૭૦૦ દુકાનોના ભાડા વસુલાત અભિયાનનો પોલીસ બંદોબસ્ત સાથે પ્રારંભ



- બગીચા વિસ્તારના વહેપારીઓએ તંત્રના નિર્ણયનો વિરોધ કરીને દુકાનો બંધ પાળી.
- ભાડા ફી વધારો કર્યા બાદ પાલિકાની આર્થિક સ્થિતીને પહોંચી વળવા વસૂલાત માટે કાર્યવાહી હાથ ધરાતાં ફફડાટ.
- શહેરા ભાગોળ વિસ્તારના ૩૮ દુકાનદારો પાસેથી ૯.૩૦ લાખ વસુલાયા : બે દુકાનોને સીલ મારી.
- બગીચા વિસ્તારમાં આજે વસુલાત અભિયાન જારી રહેવાનો પાલિકાનો નિર્ણય.

ગોધરા,

ગોધરા નગરપાલિકા હસ્તકની આવેલી ૭૦૦ ઉપરાંત દુકાનોના ભાડા ફીમાં વધારો કર્યા બાદ નિયમિત રકમ ભરપાઈ કરવામાં ન આવતા અને લાંબા સમયથી લેણાં રકમ બાકી રાખનાર દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરવાના ભાગરૂપે નોટીસ પાઠવી હતી. પરંતુ ભાડા ફી વધારાના વિરોધમાં બગીચા વિસ્તારના મોટાભાગા અડગ બનેલા વેપારીઓએ સામૂહિક રૂપે પોતાના વેપાર ધંધા બંધ પાળીને સજજડ વિરોધ નોંધાતા વસુલાત કામગીરી કરી શકાઈ ન હતી. જ્યારે તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે શહેરા ભાગોળ પહોંચીને એક પછી એક વસૂલાત આદરતા ૩૮ બાકીદાર દુકાનદારોએ સથળ ઉપર રૂપીયા ૯.૩૦ લાખ જમા કરાવ્યા હતા. જ્યારે બે દુકાનો સીલ મારવાની કાયેવાહી હાથ ધરાતાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વર્ષો પહેલાં ગોધરા નગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારમાં આવેલ પાલિકાની માલિકીની જમીનમાં ગેરકાયદેસર ભોગવટો જમાવીને વેપાર ધંધા કરનાર વેપારીઓને યોગ્ય સ્થાન મળી રહે તે હેતુથી આવા વેપારીઓને માત્ર ભાડુઆત તરીકે ગણીને પાકી દુકાનો બનાવી આપીને ચોક્કસ ભાડા દર નક્કી કરીને દુકાનો ભાડાપટ્ટે આપી હતી. જે પૈકી અત્યંત ધમધમતા બસ સ્ટેન્ડ પાસેથી છેક બાવાની મઢી સુધી તેમજ શહેરા ભાગોળ વિસ્તારમાં કતારબદ્ધ બનાવેલી કુલ ૭૦૦ ઉપરાંત છે. આ દુકાનો ભાડે લેનાર વેપારીઓએ નિયમિતપણે ભાડું ભરપાઈ કરવા અને પાલિકા દ્વારા વખતોવખત વધારવામાં આવેલી ભાડાની રકમ પણ ભરવા અમલ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી નક્કી કરવામાં આવેલા વેરા પણ નિયમિતપણે ભરપાઈ કરવામાં નગરવાસીઓ ભારે ઉદાસીન દાખવવામાં આવતા દર વર્ષ ગોધરા નગરપાલિકાની લક્ષ્યાંક પ્રમાણે આવક નહીં થતાં દિવસે દિવસે આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ રહી છે. પાલિકાની તિજોરી ખાલી થતા વિકાસના કાર્યો, પગાર તેમજ લોક સુવિધાઓ ઉપર માઠી અસર પહોંચી રહી છે. આવી ચિંતાજનક આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે લાંબા સમયથી પાલિકા દ્વારા પોતાના માલિકીની આવેલી ૭૦૦ ઉપરાંત દુકાનોના ભાડા નજીવા ભાડા દર ઉપર ચાલી રહ્યાં છે. જે આવકને રૂંધી રહી હતી.જેમાં પણ નિયત કરેલી રકમ નિયમિતપણે ભાડુઆત વેપારીઓ દ્વારા જમા કરાવવામાં આવતાં ન હતા. હાલમાં પાલિકાની બાકી લેણાં રકમનો મોટો આંક ઉપર પહોંચી હોવાથી આર્થિક હાલતમાં સુધારો લાવવા માટે છેલ્લે મળેલી પાલિકાની સામાન્ય સભામાં આ ભાડાપટ્ટાની દુકાનોના ભાડા રકમમાં વધારો કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો અને આ રકમ મુજબ દર ભરપાઈ કરવા વેપારીઓને જાણ કરાઈ હતી. જોકે, લાંબા સમયથી બાકી લેણા બોલતા અને નવા દર પ્રમાણે ભાડું જમા કરાવવા અંગે આ ભાડુઆત વ્યાપારીઓને નોટિસ પાઠવીને સાત દિનમાં રકમ જમા કરાવવા સૂચના આપી હતી. જેની મુદત આજે પૂર્ણ થઈ હતી તેમ છતાં વેપારીઓએ નવા અમલ બાબતે ઉદાસીનતા સેવવામાં આવી હતી. જોકે બીજી તરફ બગીચા વિસ્તારના મોટાભાગના વેપારીઓએ આ ભાડા વધારાનો સર્વાનુમતે વિરોધ નોંધાવવા માટે આજે મંગળવારે પોતાના વેપાર ધંધા બંધ પાળીને સજ્જડ વિરોધ નોંધાવ્યો હતો. પહેલેથી જ વિરોધનો સૂર સાથે વેપારીઓના અકકડ વલણના કારણે રકમ ભરપાઈ કરી નથી અને મુદ્દત પૂર્ણ થયા બાદ પણ રકમ જમા નહીં કરાતા આજે વસુલાત અભિયાનને જાકારો મળ્યો હતો. જોકે, આવતી કાલ બુધવારે ફરી આ વેપારી પાસેથી કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પરંતુ ગોધરા નગરપાલિકા તંત્ર દ્વારા ઉચ્ચ અધિકારીઓની ટીમ વેરા વસૂલવા માટે અભિયાન હાથ ધરીને બપોર બાદ પોલીસ બંદોબસ્ત સાથે શહેરા ભાગોળ વિસ્તારમાં વેપારીઓ પાસે પહોંચીને એકપછી રકમ વસૂલવા અંગે કાર્યવાહી હાથ ધરવામા આવતા ૪૦ પૈકી ૩૮ વેપારીઓએ સ્થળ પર જ ૯.૩૦ લાખ જમા કરાવતા પાલિકાને આવકના ગણેશ થયા હતા. જ્યારે બે વેપારીઓની દુકાનોને સીલ મારવામાં આવતાં વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી.

લાંબા સમયથી પાલિકાની માલિકીની દુકાનોના ભાડા બાકી છે. તથા નવા દર મુજબ રકમ ભાડા પેંટે જમા કરાવવાની હોય છે. પરંતુ વેપારીઓ દ્વારા અમલીકરણ નહીં થતાં લીસ્ટ આધારે વસુલાત અભિયાન હાથધરીને આજે શહેરા ભાગોળ વિસ્તારમાંથી ૯ લાખ ઉપરાંત સ્થળ પર વસુલીને રોકડ આવક મળી છે. જ્યારે બાકીના દુકાનદારો એ ફરજીયાત બાકી લહેણું ભરવાનું છે. આથી જ્યાં સુધી રકમ ભરાય નહી ત્યાં સુધી વસુલાત અભિયાન હાથ ધરવામાં આવશે.
**: હિરલ ઠક્કર, ચિફ ઓફિસર, હાલોલ પાલિકા :**

### તંત્ર સાથેની વેપારીઓની બેઠક નિષ્ફળ નિવડી...

બગીચા વિસ્તારના વ્યપારીઓ પહેલેથી જ વેરા વધારાનો વિરોધ કરી રહ્યા છે અને જીદ્દી વલણ અપનાવીને મોટી રકમ ભરવા માટે સંમત નથી. તેમ છતાં આજે સુમેળ ભર્યો નિકાલ અર્થે ઉચ્ચ અધિકારીઓ સાથે આ બાકી વસુલાતકારોની બેઠક યોજાઈ હતી. જેમાં વેપારી આગેવાનોએ આ વધારેલ ભાડા દર પરત ખેંચવો અને જે બાકી રકમ છે, જે બાબતે ભરપાઈ કરવાની મુદ્દત લંબાવાની માંગણી કરવામાં આવી હતી. પરંતુ પાલિકાની આર્થીક સ્થિતી જોતાં આવી શરતો અસ્વિકાર્ય ગણીને કોઈ ચર્ચાનો હકારાત્મક નિવેડો નહીં આવતાં બેઠક નિષ્ફળ નિવડી હતી. અને વેપારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી.

## શહેરા વાઘજીપુર ગામે હત્યાના ગુનામાં આરોપીએ જામીન અરજી મુકતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરાઈ

શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ગામે હત્યાના ગુનામાં આરોપીએ જામીન અરજી એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજની કોર્ટમાં દાખલ કરેલ હોય આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકિલની દલીલોને માન્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

શહેરા તાલુકાના દલવાડા ગામે રહેતા મરણજનાર ગોવિંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ વાઘરી જે મોટા બામણચા ગામે નલ સે જલની કામગીરીમાં મજુરી કરવા ગયા હતા. દરમિયાન દક્ષાબેન સાથે પ્રેમ સંબંધ હોય અને લગ્ન કરવા ઈચ્છતો હોય જેથી મરણજનાર ગોવિંદ ઉર્ફે કાળીયો રાવજીભાઈ વાઘરી તા. ૦૮/૧૦/૨૦૨૨ના મોટાબામણા ગામે ગયેલ ત્યારે આરોપીઓ જગદીશ ઉર્ફે જગો શનાભાઈ માલીવાડ, સંજયકુમાર રંગીતસિંહ બારીયા જે પાણીની ટાંકી પાસે ઝુપડે હાજર હતા. ત્યારે ગોવિંદ ઉર્ફે કાળીયાએ દક્ષાબેન સાથે લગ્ન કરવાની વાત કરી અને ભગાડી જઈશું તેમ કહ્યું હતું. સંજય બારીયાએ ગુસ્સામાં આવી કુહાડીના બે ફટકા મારી તેમજ જગદીશ પાઈપના ફટકા મારી મારી નાખવાના ઈરાદાથી નજીક માંથી દોરંડું લાવી ગાળીયો બનાવી ઝુપડી માંથી લાકડાના સાડાસાથે દોરડા વડે લટકાવી મોત નિપજાવ્યું હતું. તેમજ આ ગુનામાં શૈલેષભાઈ શનાભાઈ માલીવાડ, અરવિંદ ભેમાભાઈ પગીએ મરણ ગયેલ ગોવિંદ ઉર્ફે કાળીયાના મૃતદેહને સગેવગે કરવા વાઘજીપુર ફેંકી આવી ગુનો કરેલ હતો. આ ગુનામાં આરોપીઓને ઝડપી પાડી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. આરોપીઓ પૈકી જગદીશ ઉર્ફે જગાશનાભાઈ માલીવાડ (રહે. બામણા, તા. મોરવા(હ))એ જામીન અરજી ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ પી.એ.માલીવાડની કોર્ટમાં દાખલ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.

વન વિભાગની મહેરબાનીથી

## ઘોઘંબા પંથકમાં લીલા વૃક્ષોનું સત્યાનાશ રોજની ૫૦થી વધુ ગાડીઓ ગેરકાયદેસર લાકડા ભરી અવરજવર કરે છે


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. લાકડા ચોરો ખૂલે આમ ધોળે દિવસે ટ્રેકટર તથા ટેમ્પામાં પ્રતિબંધીત લીલા વૃક્ષોનું કટીંગ કરી ગોધરા, વેજલપુર હાલોલ લઈ જઈ રહ્યા છે , છતાં પણ રાજગઢ વન વિભાગના આરએફઓ અધિકારી ના પેટનું પાણી હલતું નથી. સરકાર એક તરફ ‘‘પર્યાવરણ બચાવો’’ ‘‘વધુ વૃક્ષો વાવો’’નમો વડ વન’’ ની જુંબેશ ચલાવી લાખો છોડની રોપણી કરી રહ્યા છે પરંતુ મોટા થયેલા વૃક્ષોની જાળવણી કરવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે.

ઘોઘંબા તાલુકા પંથકના ગ્રામ્ય વિસ્તારો, સરકારી ગૌચર અને જંગલ વિસ્તારો માંથી લાકડા માફિયાઓ લીલા વૃક્ષો કટીંગ કરી બપોર તથા સાંજના સાત થી મોડી રાત સુધી લાકડાની હેરફેર કરી રહ્યા છે. જેમાં કોઈપણ જાતની પાસ પરમિટ લેવામાં આવતી નથી જો કોઈ ગાડીને પાસ આપી હોય તો એક પાસ ઉપર ત્રણ ફેરા મારવામાં આવે છે. તુમાર મુકવામાં આવે ત્યારે જે તે સર્વે નંબરમાં આવેલા ઝાડ કરતા વધારે ઝાડ દર્શાવવામાં આવે છે. વૃક્ષોના કટીંગ બાદ કોઈપણ જાતનું ઘનફૂટ કાઢવું કે તેના ઉપર સિક્કા મારવામાં આવતા નથી અને પાસ પણ આડેધડ આપી દેવામાં આવે છે.

રાજગઢ વિભાગ દ્વારા લાકડા ચોરો સાથે ભાગીદાર હોવાની ચર્ચાઓ નગરમાં થઈ રહી છે. સરકારે જાહેર કરેલા પ્રતિબંધિત વૃક્ષ મહુડો, સાગ, ખેર કપાતા હોય તો ગ્રામજનો વનવિભાગને બાતમી આપતા ડરે છે. કારણ કે વન વિભાગ અને લાકડા માફિયાઓની મીલી ભગત હોય છે બાતમી આપનાર નું નામ અને નંબર તાત્કાલિક વેપારી પાસે પહોંચી જાય છે અને લાકડા ચોરો બાતમીદારને ધમકી આપી ચૂપ કરી દેવાતા હોવાની સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી. સીમના વૃક્ષો લાકડા ચોરોએ રહેવા દીધા નથી હવે તેમની નજર ઘોઘંબા ના જંગલોમાં છે. ઘોઘંબાના જંગલમાં અંદરની તરફ તમે આટો મારો તો તમને કપાયેલા વૃક્ષોના ઠુંઠા જોવા મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી હોય કે માલિકીના બધા વૃક્ષો પર્યાવરણ બચાવે છે અને ઑક્સીજન આપે છે. નવા રોપેલા વૃક્ષો મોટા થવા માટે ૨૦ વર્ષ જેટલો સમય લાગે છે. ત્યારે ઑક્સીજન અને પર્યાવન બચાવવા માટે લીલા વૃક્ષોનું કટિંગ અટકાવવુ અત્યંત જરૂરી બન્યુ છે.

## કાલોલના સાતમણા કરાના મુવાડા ગામે મદારી જેવા ત્રણ ઈસમોએ વિશ્વાસમાં લઈ ૧ લાખના દાગીના પડાવી ફરાર

કાલોલ,

કાલોલ તાલુકાના સાતમણા કરાના મુવાડા ગામે ત્રણ મદારી જેવા ઈસમો ખેલ બતાવતા હોય અને ફરિયાદીના ઘરે તેમના છોકરાને તકલીફ થશે તેવું જણાવી ફરિયાદીને વિશ્વાસમાં લઈ સોના-ચાંદીના દાગીના કિંમત ૧,૦૧,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ લઈ જઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરી જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સાતમણા કરાટના મુવાડા ગામે તા.૭ ફેબ્રુઆરીના રોજ ત્રણ અજાણ્યા મદારી જેવા કપડાં પહેરી આવ્યા હતા અને મદારીનો ખેલ બતાવી અર્જુનસિંહ જાલમસિંહ ચૌહાણને છોકરાને તકલીફ થશે તેવું જણાવ્યું હતું અને અર્જુનસિંહ અને પરિવારને વિશ્વાસમાં લીધા હતા. વિધી કરવાના નામે ચાંદીના છડા જોડ-૧, ચાંદીના પાતળા છડા જોડ-૧, સોનાની ચેઈન, ચાંદીનો કંદોરો-૧ મળી કુલ ૧,૦૧,૦૦૦/-રૂપીયાના સોના-ચાંદીના દાગીના લઈ અજાણ્યા ઈસમો નાશી જઈ વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલ ગોમા નદી બ્રીજ પાસે નાકાબંધી કરી બલેનો ગાડી માંથી ૧.૪૦ હજારના બીયરના જથ્થા સાથે ખેપીયાને એલ.સી.બી.એ ઝડપ્યા




કાલોલ,

કાલોલ ગોમા નદીના બ્રીજ પાસે એલ.સી.બી.પોલીસે બાતમી આધારે નાકાબંધી કરી બાતમીવાળી બલેનો ગાડી માંથી બીયર ટીન કિંમત ૧,૪૦,૪૦૦/-રૂપીયા, બલેનો ગાડી અને મોબાઈલ ફોન મળી ૩,૫૦,૯૦૦/-રૂપીયાના સાથે બે આંતરરાજ્ય દારૂના ખેપીયાઓને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ તરફથી બલેનો ગાડી નં.જીજે.૨૩.બીડી.૫૭૮૦માં ભારતીય બનાવટના વિદેશી દારૂ લઈને ચાલક નિકળેલ છે અને ગોધરા કાલોલ થઈ વડોદરા તરફ જવાનો છે. તેવી બાતમી આધારે એલ.સી.બી.પોલીસે કાલોલ ગોમા નદછકી પુલ પાસે નાકાબંધી કરી હતી અને બાતમીવાળી ગાડીને રોકી ચેકીંગ કરતા કીંગ ફિશર એકસ્ટ્રા સુપર સ્ટ્રોંગ બીયર ટીન નંગ-૯૩૬ કિંમત ૧,૪૦,૪૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૩ કિંમત ૧૦,૫૦૦/-રૂપીયા, બલેનો ગાડી મળી કુલ ૩,૫૦,૯૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આંતરરાજ્ય દારૂના ખેપીયાઓ વિષ્ણુ અંબારામ મેડા(રૂપારેલ તા.ડાભડી, પેટલવાદ, મધ્યપ્રદેશ), મનિષ નંદુ માલવી (રહે. ખામડીયાડા તા. ટીમરીયા, એમ.પી.)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા એલ.સી.બી.પોલીસે ડીસા રૂરલ પોલીસ મથકના ઘરફોડ ચોરીના વોન્ટેડ આરોપીને ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, ડીસા રૂરલ પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ આરોપી ગોધરા રહેમાનીયા મસ્જીદ પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડી ડીસા રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ડીસા રૂરલ પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનાનો વોન્ટેડ આરોપી ઈરફાન ઉર્ફે શત્રુ અબ્દુલ હમીદ દુર્વેશ (રહે. અશરફી મસ્જીદ, ખાખરીયા પ્લોટ) હાલમાં અશરફી મસ્જીદ પાસે ચાની લારી પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. અને આરોપીને ડીસા રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો.

## હાલોલના દડીયાપુરા થી ખાલસણી ગામ જતા રસ્તામાં ખુલ્લી જગ્યામાં ઈંગ્લીશ દારૂનું વેચાણ કરતાં સ્થળે LCBએ રેઈડ કરી ૬૭ હજારનો દારૂ ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના દડીયાપુરા થી ખાલસણી ગામે જતા રસ્તામાં નાળા પાસે આવેલ ખુલ્લી જગ્યામાં આરોપીએ વેચાણ માટે દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી ૬૭,૧૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પોલીસની રેઈડ દરમિયાન આરોપી નાશી જઈ ગુનો કર્યાની હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના દડીયાપુરા થી ખાલસણી ગામે જતા રસ્તામાં નાળા પાસે આવેલ ખુલ્લી જગ્યામાં આરોપી બુટલેગર વિપુલ દિલીપભાઈ પરમાર (રહે. ખાલસણી ઉજેતી ફળીયું)એ ગેરકાયદેસર રીતે દારૂ વેચાણ કરવા માટે રાખેલ છે. તેવી ચોકકસ બાતીમના આધારે પંચમહાલ એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ખુલ્લી જગ્યા માંથી ઈંગ્લીશ દારૂની ૯-પેટી જેમાં સ્પિરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી કવાટરીયા નંગ-૨૩૬ મળી કુલ ૬૭,૧૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. આરોપી બુટલેગર પોલીસની રેઈડ જોઈ નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાઈ.

## કાલોલના વેજલપુર ચલાલી રોડ બ્રીજ પાસેથી કેડી રસ્તા ઉપરથી અજાણી વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુરથી ચલાલી જવાના રોડ ઉપર આવેલ બ્રીજ પાસે ખેડુતોના જવા આવવાના માર્ગ ઉપરથી અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળતાં વેજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતદેહને પી.એમ.અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ વેજલપુરના ચલાલી જવાના રોડ ઉપર આવેલ બ્રીજ પાસે ખેડુતોના જવા-આવવાના કેડી માર્ગ ઉપરથી વહેલી સવારે અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો હતો. વ્યકિતના મૃતદેહ મળી આવવાની વાત વહેતી થતાં લોકટોળા ઉમટી પડયા હતા. વેજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને અજાણ્યા વ્યકિતના મૃતદેહને પી.એમ.અર્થે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. અજાણ્યા વ્યકિતના મળેલ મૃતદેહની ઓળખ છતી કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા ખાખરીયા પ્લોટ પાસે વરલી મટકાના જુગાર રમાડતો ઈસમ ઝડપ્યો

ગોધરા,

ગોધરા અશરફી મસ્જીદની સામે ખાખરીયા પ્લોટમાં ખુલ્લામાં વરલી મટકાના જુગાર રમાડતા હોય તે સ્થળે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨,૬૯૦/-રૂપીયાના મુદ્દામલ સાથે આરોપી ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા અશરફી મસ્જીદની સામે ખાખરીયા પ્લોટમાં જાહેરમાં ખુલ્લામાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ફરાઈમ અમદીને ૨,૬૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.